સેવા.... સહકાર.... શ્રધ્ધા.... સમૃધ્ધિ....

1971 - 2021

# ધી ખંભાત નાગરિક સહકારી બેંક લી.,ખંભાત

## સુવર્ણ જયંતિ વર્ષ





# ૫૦મો


## વાર્ષિક અહેવાલ અને હિસાબ

### વર્ષ ૨૦૨૦ - ૨૦૨૧

# વ્યવસ્થાપક કમિટી - ૨૦૨૦-૨૦૨૧



શ્રી ખુશમનભાઇ એસ. પટેલ
ચેરમેન



શ્રી અનિલભાઇ એન. શાહ
મેનેજીંગ ડીરેક્ટર



શ્રી નીતીનકુમાર આર. બ્રહ્મભટ્ટ
વાઇસ ચેરમેન



શ્રી મહેશભાઇ જયંતીલાલ દાળીયા
જોઇન્ટ મેનેજીંગ ડીરેક્ટર



શ્રી નવિનચંદ્ર જી. પટેલ
સભ્યશ્રી




શ્રી દિનેશચંદ્ર કે. કાપડીઆ
સભ્યશ્રી



શ્રી શશીકાંતભાઈ એસ. પટેલ
સભ્યશ્રી



શ્રી દીનેશચંદ્ર કે. પટેલ
સભ્યશ્રી



શ્રી કંચનલાલ જી. રાણા
સભ્યશ્રી



શ્રી પ્રીતીનભાઈ સી. સુતરીયા
સભ્યશ્રી



શ્રી હરીશભાઈ આર. પટેલ
સભ્યશ્રી



શ્રી કલ્પેશભાઇ કે. શાહ
સભ્યશ્રી



શ્રી હિતેશભાઇ એમ. પટેલ
સભ્યશ્રી



શ્રી ઈશ્વરભાઈ એમ. પરમાર
સભ્યશ્રી



શ્રીમતી સોનલબેન કે. ચોકસી
સભ્યશ્રી



શ્રીમતી મીનાક્ષીબેન એચ. પટેલ
સભ્યશ્રી



શ્રી પ્રકાશભાઈ એમ. શાહ
પ્રોફે. ડિરેક્ટર



શ્રી હિતેન્દ્ર એ. ભટ્ટ
મેનેજર

સ્થાપના ૧૯૭૧

સેવા.... સહકાર.... શ્રધ્ધા.... સમૃધ્ધિ....

# ધી ખંભાત નાગરિક સહકારી બેંક લી.,ખંભાત


રજી. ઓફીસ "સ્તંભતીર્થ" વાડાપોળ, ખંભાત - ૩૮૮૬૨૦

ફોન : ૨૨૧૩૨૮ (વહીવટી વિભાગ) ૨૨૦૪૯૫ (હિસાબી વિભાગ) ફેક્સ : (૦૨૬૯૮) ૨૨૬૯૩૨

E-mail : knsbl1971@knsbl.in

GST No. : 24AAAAT2886Q1ZU



રજી. નં. નઘણ ૨૦૩/સે ૪૩૪૦ તા.૦૯-૦૮-૧૯૭૧

રીઝર્વ બેંક લા.નં. UBDGJ 728 P તા. ૧૦-૧૨-૧૯૮૬


## ૫૦


BSR CODE : 08657201

IFSC CODE : GSCB0UKNSBL

MICR CODE : 388805091

Website : www.knsbl.in

DICGC Bank Code : 42934 [ Sept-1979]


ઓડિટ વર્ગ - 'અ' ★ ૦% એન. પી. એ.

# વાર્ષિક અહેવાલ અને હિસાબ

## ૨૦૨૦-૨૦૨૧

### વ્યવસ્થાપક - કમીટી

શ્રી ખુશમનભાઈ શાંતિલાલ પટેલ
: ચેરમેન :

શ્રી નીતીનકુમાર રૂઘનાથજી બ્રહ્મભટ્ટ
: વાઈસ ચેરમેન :

શ્રી અનિલભાઈ નવિનચંદ્ર શાહ
: મેનેજીંગ ડીરેક્ટર :

શ્રી મહેશભાઈ જયંતીલાલ દાળીયા
: જોઈન્ટ મેનેજીંગ ડીરેક્ટર :

### સભ્યો

- શ્રી નવીનચંદ્ર ગફુરભાઈ પટેલ
- શ્રી શશીકાંતભાઈ શાંતિલાલ પટેલ
- શ્રી કંચનલાલ ગફુરભાઈ રાણા
- શ્રી હરીશભાઈ રતીલાલ પટેલ (તા. ૧૪-૦૯-૨૦૨૦ સુધી)
- શ્રી હિતેશભાઇ મહેન્દ્રભાઇ પટેલ (તા. ૭-૧૧-૨૦૨૦ થી)
- શ્રીમતી સોનલબેન કલ્પેશભાઈ ચોકસી
- શ્રીમતી મીનાક્ષીબેન હિરાલાલ પટેલ
- શ્રી દિનેશચંદ્ર કાંતિલાલ કાપડીઆ
- શ્રી દિનેશચંદ્ર કાંતિલાલ પટેલ
- શ્રી પ્રીતીનભાઈ ચંપકલાલ સુતરીયા
- શ્રી કલ્પેશભાઇ કેસરીચંદ શાહ
- શ્રી ઈશ્વરભાઈ મોતીભાઇ પરમાર
- શ્રી પ્રકાશભાઈ મણીલાલ શાહ - પ્રોફે.ડિરેક્ટર

મેનેજર. શ્રી હિતેન્દ્ર એ. ભટ્ટ

# ધી ખંભાત નાગરિક સહકારી બેંક લિ., ખંભાત

## સને : ૨૦૨૦-૨૦૨૧ નો

## વાર્ષિક અહેવાલ અને હિસાબ

સુજ્ઞ સહકારી,

માનવંતા સભાસદ ભાઈઓ તથા બહેનો,

આપ સૌના સાથ સહકારથી બેંક ૫૦ વર્ષ પૂર્ણ કરી રહી છે. તે આપના સૌના માટે ગૌરવની વાત છે. ત્યારે આપસૌને આવકારતા હું ગૌરવની લાગણી અનુભવું છું.

ખંભાત શહેરમાં અગ્રગણ્ય સ્થાન ધરાવતી આપણી બેંકની **૫૦મી** આજની વાર્ષિક સાધારણ સભામાં આપ સર્વે સભાસદોનું સ્વાગત કરતાં હર્ષ અને ગૌરવની લાગણી અનુભવું છું.

સને - ૨૦૨૦-૨૦૨૧ ના વર્ષ આખરે બેંકે **રૂા. ૨,૯૧,૧૨,૯૫૩-૭૯** પૈસાનો કાચો નફો કરેલ છે તેમાંથી થાપણો ઉપરનું વ્યાજ, બેંકનો વહીવટી-ખર્ચ, મિલકતો પરનો ઘસારો તથા ઈન્કમટેક્ષ મળીને કુલ્લે **રૂા. ૨,૬૨,૨૦,૨૦૨-૭૯** પૈસા ખર્ચ બાદ જતાં ગ્રોસ નફો **રૂા.૨૮,૯૨,૭૫૧.૦૦** છે. તેમાંથી **રૂા. ૩,૨૧,૫૦૦** B.D.D.R. U/S 36 (I) VII a ની જોગવાઈ બાદ કરતા ચોખ્ખો નફો **રૂા.૨૫,૭૧,૨૫૧** રહે છે. જે બેંકની સદ્ધરતા દર્શાવે છે. ચોખ્ખા નફાની ફાળવણી બેંકના પેટા-નિયમ અને ધી ગુજરાત સ્ટેટ કો. ઓપ. સોસાયટી એક્ટની રૂએ નીચે જણાવ્યા મુજબ કરેલ છે.

## નફાની ફાળવણી

### પેટા - નિયમ - ૬૧ (એ) મુજબ ફાળવણી

| | | | | |
|---|---|---|---|---|
| અનામત ભંડોળ | ૧૦% પ્રમાણે | રૂા. | ૨,૫૭,૧૨૫-૦૦ | પૈસા |
| (મે. જીલ્લા રજીસ્ટ્રારશ્રીના તા. ૨૨-૦૨-૨૦૨૧ના જા.નં. નસબ/૦૧/ક-૩/૩૩/૨૦૨૧ મુજબ) | | | | |
| ડૂબત ફંડ | ૮% પ્રમાણે | રૂા. | ૨,૦૫,૭૦૦-૦૦ | પૈસા |
| (ગુજરાત ગર્વમેન્ટ ગેઝેટ તા. ૨૦/૧૨/૨૦૧૯ AGRAHAYANA-29,1941 Gujarat Act. No. 32 of 2019 મુજબ ) | | | | |
| સભાસદ ડીવીડન્ડ | (ભરાયેલ શેર ઉપર ૧૫% પ્રમાણે) | રૂા. | ૧૧,૨૭,૮૦૦-૦૦ | પૈસા |
| શિક્ષણ ફંડ | ૨½% પ્રમાણે | રૂા. | ૬૪,૨૮૧-૦૦ | પૈસા |
| ધર્માદા ફંડ | ૧% પ્રમાણે | રૂા. | ૨૫,૭૧૩-૦૦ | પૈસા |
| | | રૂા. | ૧૬,૮૦,૬૧૯-૦૦ | પૈસા |

### પેટા - નિયમ - ૬૧ (બી) મુજબ ફાળવણી

| | | | | |
|---|---|---|---|---|
| બિલ્ડીંગ ફંડ | ૫% પ્રમાણે | રૂા. | ૪૪,૫૩૨-૦૦ | પૈસા |
| ડીવીડન્ડ ઈક્વીલાઈઝેશન ફંડ | ૫% પ્રમાણે | રૂા. | ૪૪,૫૩૨-૦૦ | પૈસા |
| સહકાર પ્રચાર ફંડ | ૨% પ્રમાણે | રૂા. | ૧૭,૮૧૨-૦૦ | પૈસા |
| મહોત્સવ ફંડ | ૫૦% પ્રમાણે | રૂા. | ૪,૪૫,૩૧૬-૦૦ | પૈસા |
| સામાજિક વિકાસ ફંડ | ૩૦% પ્રમાણે | રૂા. | ૨,૬૭,૧૮૯-૦૦ | પૈસા |
| સ્ટાફ વેલ્ફેર ફંડ | ૩% પ્રમાણે | રૂા. | ૨૬,૭૧૯-૦૦ | પૈસા |
| ઇન્વેસ્ટમેન્ટ ફ્લકચ્યુએશન ફંડ | ૫% પ્રમાણે | રૂા. | ૪૪,૫૩૨-૦૦ | પૈસા |
| | કુલ ટોટલ | રૂા. | ૨૫,૭૧,૨૫૧-૦૦ | પૈસા |

મે. જીલ્લા રજીસ્ટ્રારશ્રીના તા. ૨૨-૦૨-૨૦૨૧ના જા.નં. નસબ/૦૧/ક-૩/૩૩/૨૦૨૧ મુજબ અનામત ભંડોળ, ૧૦% પ્રમાણે ફાળવવા માટે સાધારણ સભાની બહાલી મેળવી લેવાની શરતે મંજૂરી આપેલ છે તેને આજની સભાને બહાલી આપવા મંજૂર રાખવા ભલામણ કરૂ છું.

આમ, ઉપરોક્ત કરેલ ચોખ્ખા નફાની ફાળવણી મંજૂર રાખવા સંચાલક મંડળ વતી આપ સૌને ભલામણ કરું છું.

**શેર ભંડોળ અને ડીવીડન્ડ :** વર્ષાન્તે ૧૪૦૧૮ સભાસદો પાસેથી **રૂા. ૭૫,૧૭,૧૫૦/-** શેરભંડોળ એકત્ર કરેલ છે.

ચાલુ વર્ષે સભાસદોને સહકારી કાયદાનુસાર આપી શકાય તેટલું **મહત્તમ ૧૫%** પ્રમાણે ડીવીડન્ડ વહેંચવા સંચાલક મંડળ વતી હું ભલામણ કરું છું આપ સૌ મંજૂર રાખશો તેવી આશા રાખું છું.

**થાપણો :—** બેંકિંગ ક્ષેત્રે લોકોના વિશ્વાસ અને સંચાલકોની પ્રતિબધ્ધતાનું પ્રતિબિંબ બેંકની થાપણો ઉપર પડેલ છે. કોરોના મહામારી કોવિડ-૧૯ ના આવા કપરા સંજોગોમાં પણ થાપણદારો ગ્રાહકો ખાતેદારો તેમજ સભાસદોએ બેંકમાં અતૂટ વિશ્વાસ જાળવી રાખી પોતાની થાપણો રીન્યુ કરાવેલ છે તેમજ નવી મૂકેલ છે. તે બદલ તેમનો હું આભાર માનું છું. રીઝર્વ બેંક ઓફ ઇન્ડીયાએ થાપણો અંગેની પોલીસીમાં સુધારો કરતા લોક વિશ્વાસના ફળ સ્વરૂપે બેંકની ડીપોઝીટોમાં વધારો થયેલ છે. ગત વર્ષના અંતે થાપણો **રૂા. ૨૪,૩૦,૦૪,૭૬૮-૮૩** પૈસા હતી જે ચાલુ વર્ષમાં વધીને કુલ થાપણો **રૂા. ૨૫,૨૧,૦૨,૮૬૦-૨૦** પૈસા થયેલ છે જે પ્રશંસનીય તેમજ પ્રેરણાદાયી છે. આપણી બેંક **"ડીપોઝીટ ઈન્શ્યોરન્સ એન્ડ ક્રેડીટ ગેરંટી કોર્પોરેશન"**માં નિયમિત પ્રીમીયમ ભરે છે અને **સપ્ટે.-૨૦૨૧** સુધીનું પ્રીમીયમ પણ ભરેલ છે જેના પરિણામે ડિપોઝીટ ઈન્શ્યોરન્સ સ્કીમ હેઠળ **રૂા.૫,૦૦,૦૦૦/-** સુધીની વ્યક્તિગત થાપણો સુરક્ષિત છે.

**ધિરાણ :—** આપણી બેંકના સભાસદો તેમજ ખંભાત શહેરના નાગરીકોએ આપણીજ બેંક ધી ખંભાત નાગરીક સહકારી બેંક લી., માંથી જ ધીરાણ લેવાનો આગ્રહ રાખવો જોઇએ. રીઝર્વ બેંક ઓફ ઇન્ડિયાની માર્ગદર્શિકા મુજબ ધિરાણ અંકુશો તથા બેંકની ધિરાણ નિતી ની મર્યાદામાં રહી ધિરાણ માટે આવતા તમામ સભાસદોને જુદા જુદા પ્રકારના ધિરાણો આપવા માટે બોર્ડ (વ્યવસ્થાપક કમિટી) હંમેશા ખુબજ વ્યવહારીક અને સહકારી અભિગમ રાખવા પ્રયત્નશીલ રહ્યું છે. આપણી બેંક ધ્વારા જુદા જુદા વ્યવસાયમાં રોકાયેલા સમાજના દરેક વર્ગને આર્થીક રીતે શક્ય તેટલું મદદરૂપ થવા પ્રયત્ન કરેલ છે અને ધિરાણ લેનાર તમામ કરજદારો સમયસર ધિરાણ પરત કરવા સજાગ અને નિયમીત રહે એવો પણ સાથે સાથે અમો આગ્રહ રાખીએ છીએ.

બેંકે આપેલ ધીરાણની નિયમીત વસુલાત ન આપનાર કરજદારો સામે કાયદાકીય કાર્યવાહી કરવી પડે છે ધીરાણ લેનાર તથા જામીન થનાર દરેક સભાસદોને વિનંતી કરૂ છું કે બેંકના વિકાસમાં સહભાગી બનવા સત્વરે પોતે લીધેલ ધીરાણ તથા જામીન થઇને અપાવેલ ધીરાણ સમયમર્યાદામાં ભરપાઇ કરે. બેંકની પ્રગતિમાં ધીરાણ વસુલાતનું માળખું નિરોગી રહે તે જોવાની દરેક સભાસદની જવાબદારી અને નૈતીક ફરજ છે. સભાસદોને N.S.C., K.V.P. સામે ૯%* અને સોનાના દાગીના સામે  અને ગોલ્ડ ટર્મ લોન માસીક હપ્તાથી પરત ચૂકવણી ની **(રૂા. ૨ લાખથી રૂા. ૧૦ લાખ સુધી)** ૮%* ના વાર્ષિક વ્યાજદરે ધીરાણ કરવામાં આવે છે. કાર લોન ફક્ત ૮.૫૦% થી ૯.૭૫% સુધીના વાર્ષિક વ્યાજદરે શરતોને આધિન ધિરાણ આપવામાં આવે છે.

સંચાલક મંડળના સભ્યો તથા કર્મચારીઓ દ્વારા મુદત વીતી બાકીદારો સાથે સંપર્ક કેળવી નાણાં વસૂલ કરવા સંનિષ્ઠ પ્રયત્નો કરેલ છે. પરિણામ સ્વરૂપે ગત વર્ષ કરતાં મુદતવીતી બાકી ઓછી રહેવા પામેલ છે. સૌ કર્જદાર પોતાના ધિરાણ બાબતે નિયમિત બની પોતાની અને બેંકની પ્રગતિમાં અન્યોન્ય સહકાર આપે તે ખૂબ જ જરૂરી છે. કરજ લેનાર તથા જામીનો બેંકના લેણાં માટે એકામતે એકાજૂથે જવાબદાર છે. બેંકની પ્રગતિમાં ધિરાણ વસૂલાતનું માળખું નિરોગી રહે તે જોવાની દરેક સભાસદની જવાબદારી તથા નૈતિક ફરજ છે.

**વિશેષ :—** આપણી બેંકના પચાસમાં **"સુવર્ણ જયંતી વર્ષ" નીમીત્તે તા. ૨૮-૦૮-૨૦૨૧ના રોજ હયાત સભાસદોને ચાંદીની મુદ્રાની ભેટ** આપવાનું નક્કી કરેલ છે. વધુમાં જે સભાસદ તા. ૦૧-૧૦-૨૦૨૧ પછી ગુજરી જાય તો તે સભાસદોના વારસદારને **રૂા. ૫૦૦૦/-** અંકે  રૂપીયા પાંચ હજાર પુરા સામાજીક વિકાસ ફંડ માંથી સહાય આપવા સંચાલક મંડળે નક્કી કરેલ છે જેને મંજૂર રાખવા / બહાલી આપવા ભલામણ કરૂં છું.

જનસેવાની પ્રવૃત્તિઓને પ્રોત્સાહિત કરવા બેંકના **ધર્માદાફંડ** માંથી **રૂા.૨૦,૦૦૬/-** તથા **સામાજિક વિકાસફંડ** માંથી ગુજરી ગયેલ સભાસદોના વારસદારોને **રૂા.૨,૧૫,૦૦૦/-** ની આર્થિક સહાય કરેલ છે. ઉપરાંત ગત વર્ષે દશેરાના દિવસે બેંકના ૫૦માં વર્ષમાં મંગલ પ્રવેશ નિમીત્તે ખંભાત શહેરની વિવિધ હોસ્પીટલમાં જન્મેલ નવજાત બાળકોને **"બેબી કીટ"** ભેટ આપવામાં આવેલ તેમજ તેજ દિવસે બેંકમાં બ્લડકેમ્પ રાખવામાં આવેલ જેમાં રેડક્રોસ સોસાયટી-પેટલાદને બેંકે ૫૦માં વર્ષના મંગલ પ્રવેશે ૫૦ બોટલનું રક્તદાન કરાવી આપેલ અને જે તે રક્તદાતાઓને બેંક તરફથી "ગીફ્ટ (ભેટ)" આપવામાં આવેલ.

બેંકીંગ પધ્ધતિની સંગીનતા અને સ્થિરતાને સુદ્રઢ કરવા માટે રીઝર્વ બેંક ઓફ ઇન્ડીઆએ શહેરી સહકારી બેંકો માટે નક્કી કરેલ માપદંડની પૂર્તતા કરેલ છે જે આપણી બેંક માટેનું ગૌરવ છે.

આપણી બેંકે "ધી ગુજરાત સ્ટેટ કો. ઓ. બેંક લી." - અમદાવાદ સાથે સંયોજન કરી R.T.G.S., NEFTની સેવાઓ ખાતેદારોને વિનામૂલ્યે આપવામાં આવે છે જેનો લાભ વેપારીવર્ગ તેમજ ગ્રાહકમિત્રો મેળવી રહ્યા છે.

આપ સહુ જાણો છો કે દરેક બેંકોમાં N.P.A. એ ખૂજ મોટો પ્રશ્ન છે. ત્યારે મને જણાવતા ખૂબ આનંદ થાય છે કે બોર્ડના સભ્યોની સાવચેતી ભર્યા ધિરાણો કરવાની તથા સ્ટાફમીત્રોની બોરોઅર્સ ના ખાતામાં સતત દેખરેખ રાખવાથી બેંકનું ગ્રોસ N.P.A. વર્ષ ૨૦૨૦માં ૧૨.૬૨ લાખ થી ઘટીને વર્ષ ૨૦૨૧માં ઘટીને ૧૨.૨૯ લાખ N.P.A. થયેલ છે. પરીણામ સ્વરૂપે ગત વર્ષ કરતા મુદત વીતી બાકી ઓછી રહેવા પામેલ છે.

બેંકની વ્યવસ્થાપક-કમીટીની મીટીંગ **તા. ૨૬-૦૭-૨૦૧૮**ના ઠરાવ મુજબ બેંકે જ્યારે જ્યારે **"સભાસદ-ભેટ"** તરીકે રજત મુદ્રા વહેંચેલ જે સભાસદો લઈ ગયેલ નથી તેવા સભાસદોએ પોતાની બાકી **"સભાસદ-ભેટ"** આખરી **તા. ૩૧-૧૦-૨૦૨૧** સુધીમાં મેળવી લેવી.

**આભારદર્શન :—** આપણી બેંકની **૫૦** વર્ષની વિકસીત કામગીરીમાં જેનો સાથ અને સહકાર મળી રહ્યો છે તે સર્વે સભાસદો, થાપણદારો, ખાતેદારો, ગ્રાહકો, શહેરીજનો અને શુભેચ્છકોનો હું પ્રથમ હાર્દિક આભાર માનું છું. વર્ષ દરમિયાન રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાના અધિકારીશ્રીઓ, મે. જિલ્લા રજિસ્ટ્રારશ્રી તેમજ તેઓનું કર્મચારીગણ, ગુજરાત અર્બન કો. ઓપ. બેંક્સ ફેડરેશન, ધી ગુજરાત સ્ટેટ કો. ઓપ. બેંક લી., ધી ખેડા જિલ્લા મધ્યસ્થ સહકારી બેંક લિ. તથા સ્થાનિક - રાષ્ટ્રીયકૃત બેંકોના કર્મચારીઓ વિગેરે તરફથી પણ બેંકને ઉપયોગી માર્ગદર્શન મળ્યા છે તે સૌનો હુ આભાર માનું છું.

બેંકના વાઈસ-ચેરમેનશ્રી નીતીનભાઈ બ્રહ્મભટ્ટ, મેનેજીંગ ડિરેક્ટરશ્રી અનિલભાઈ શાહ અને જોઇન્ટ મેનેજીંગ ડીરેક્ટર તરીકે સ્વ. મહેશભાઇ દાળીયાએ બેંકની સંગીન સમૃધ્ધિમાં ઉત્સાહપૂર્વક ઉંડો રસ લઈ બેંક માટે પોતાનો કિંમતી સમય ફાળવી બેંકની કાર્યવાહીમાં નિષ્ઠાપૂર્વક અભિનંદનીય ભાવના બતાવી છે. આ તબક્કે તેઓશ્રીનો આભાર માનું છું તેમજ મારા સાથી સૌ કમિટી સભ્યોનું વિશિષ્ટ અને કિંમતી યોગદાન રહ્યું છે તે બદલ તેઓનો હું હૃદયપૂર્વક આભાર માનું છું. બેંકના મેનેજરશ્રી હિતેન્દ્ર ભટ્ટ તેમજ બેંકના ઉત્સાહી કર્મચારીઓ અને નિવૃત્ત કર્મચારીઓ કે જેમણે બેંકના વિકાસ અને પ્રગતિ માટે ફરજ બજાવી છે તે બદલ સૌને હું ધન્યવાદ આપું છું.

આવનાર વર્ષોમાં બેંકની પ્રગતિ અને વિકાસ માટે આપ સૌનો સાથ સહકાર મળશે અને આપણી બેંકની સિદ્ધિ, પ્રસિદ્ધિ તેમજ સમૃદ્ધિમાં સહભાગી બનનાર સૌનો ફરીથી અંતઃકરણપૂર્વક આભાર માની વિરમું છું....

જય સહકાર....  જયહિંદ....  આભાર....

આપનો સહકારી

**S/d- ખુશમનભાઈ શાંતીલાલ પટેલ – ચેરમેન**

# ધી ખંભાત નાગરિક સહકારી બેંક લી.

## પેટા નિયમ પરિશિષ્ટ (અ)

| અ.નં. | હાલનો પેટા નિયમ | સુધારા - વધારા | કારણ |
|---|---|---|---|
| ૪ (૯)અ ૫ | — | અરજદારે ધિરાણની સવલત મેળવતા / માંગતા પહેલા શેર સભાસદ થવાની અરજી સાથે શેર અરજી અનામતની રકમ ભરપાઈ કરે જેમા સભ્ય ફી / દાખલ ફી અને શેર ટ્રાન્સફર ફી અથવા શેર ભંડોળની રકમનો સમાવેશ થતો હોઈ તેવી શેર અરજી અનામતની રકમ ભરપાઇ કરી હશે અને બેંકે સ્વીકારી હશે તે અરજદારને દાખલ ફી / સભ્ય ફી ભર્યા તારીખ થી સભાસદ તરીકે નોંધાયેલ ગણાશે અને તેને બોર્ડ ઓફ ડીરેક્ટર્સ / વ્યવસ્થાપક કમિટીની મિટિંગમાં બહાલી / મંજુરી મેળવવાની રહેશે. | વહિવટી સરળતા માટે |

## -: ધિરાણ પરના વ્યાજદર :-

| અ.નં. | વિગત | વ્યાજ દર (%) |
|---|---|---|
| ૧. | સભાસદ લોન | ૧૨ |
| ૨. | કેશ ક્રેડીટ | ૧૨ |
| ૩. | હાઈપોથીકેશન - માલ સ્ટોક સામે | ૧૧ |
| | રૂા. ૭,૦૦,૦૦૦ થી ઉપર (મકાન મીલકત મોર્ગેજ કરાવવી) | ૧૦ |
| | રૂા. ૫૦,૦૦,૦૦૦ થી ઉપર (મકાન મીલકત મોર્ગેજ કરાવવી) | ૯ |
| ૪. | ધંધાની પ્રોપર્ટી મોર્ગેજ | ૧૦ |
| | રૂા. ૫૦,૦૦,૦૦૦ થી ઉપર | ૯ |
| ૫. | મશીનરી લોન | ૧૦ |
| ૬. | વ્હીકલ લોન | |
| | અ. ટુ વ્હીલર માટે મુદત - ૩ વર્ષ | ૧૧ |
| | બ. કાર લોન મુદત - ૩ વર્ષ | ૮.૫૦* |
| | મુદત - ૫ વર્ષ | ૯* |
| | મુદત - ૭ વર્ષ | ૯.૭૫* |
| | ક. ટેમ્પો, રીક્ષા, થ્રી વ્હીલર રૂા. ૫૦૦૦૦૦૦ સુધી, મુદત - ૩ વર્ષ | ૧૦ |
| | કોમર્શીયલ વાહન રૂા. ૫૦૦૦૦૦૦ થી ઉપર, મુદત - ૫ વર્ષ | ૯.૭૫ |
| ૭. | NSC/KVP સામે લોન, મુદત - પાકતી તારીખ સુધીની | ૯ |
| ૮. | સોનાના દાગીના સામે લોન, મુદત - ૧ વર્ષ રૂા. ૨,૦૦,૦૦૦ સુધી | ૮ |
| ૯. | ગોલ્ડ ટર્મ લોન મુદત ૧ થી ૩ વર્ષ રૂા. ૨,૦૦,૦૦૦ થી વધુ રૂા. ૧૦,૦૦,૦૦૦ સુધી | ૮ |

## સભાસદોના હિતમાં ખુબજ જરૂરી

- બેંકમાંથી કરજે નાણાં લેનાર તમામ સભાસદોને તેમની સગવડ ખાતર - તેમણે લીધેલા કરજની પાકતી મુદતની ખબર આપવામાં આવે છે પરંતુ કોઈપણ કારણસર આવી ખબર કરજદારને મળી શકી ન હોય તો તે માટે બેંક બિલકુલ જવાબદાર નથી. જેની કરજદારે નોંધ લેવી જરૂરી છે.
- આથી જામીન થતાં દરેક સભાસદે ખાસ સમજવું જરૂરી છે કે જામીન સ્વેચ્છાએ જુદી જુદી તેમજ સંયુક્ત રીતે કરજ તથા તેના વ્યાજના અને તે અંગે થતા તમામ ખર્ચની વખતસર વસૂલાત બેંકને આપવા જવાબદાર છે એટલે કે જામીન કરજની કુલ રકમ માટે જવાબદાર છે નહીં કે ફાળે પડતી હિસ્સા મુજબની રકમ માટે.
- લોન લીધેલ હોય તથા જામીન થયેલ સભ્યો પોતાના તેમજ જે સભ્યના જામીન હોય તેમના લોન હપ્તા નિયમીત ભરપાઇ કરી / કરાવી પોતાની તથા જામીનની શાખ જાળવી રાખવી.
- સભાસદોએ બાકીના ડિવિડન્ડ તુરત લઈ જવા. ડિવિડન્ડની રકમ દર વર્ષે આપણી બેંકના બચત ખાતામાં સીધી જમા થાય તે માટે બેંકમાં આવીને જરૂરી ફોર્મ ભરી જવું. જે સભાસદોના આપણી બેંકમાં બચત ખાતુ ન હોય તેમણે સત્વરે બેન્કમાં રૂબરૂ આવી બચત ખાતા ખોલાવીને ડિવિડન્ડ ખાતામાં જમા થાય એવી સગવડનો લાભ લેવો.

## વાઈસ-ચેરમેનશ્રી નિતિનભાઇ આર. બ્રહ્મભટ્ટ

૧૯૭૧ના દશેરાના શુભ દિવસે ખંભાત શહેરના સહકારી આગેવાનો અને અગ્રણી વેપારી મહાજનોશ્રી, સ્વ. શ્રી બાલુભાઇ પાદેલાવાળા, મુ. શ્રી જટાશંકરભાઇ ભટ્ટ, સ્વ. શ્રી જયંતીલાલ ખમાર, સ્વ. ગોરધનભાઇ પટેલ, સ્વ. શ્રી મોતીલાલ લક્ષ્મીદાસ પટેલ, સ્વ. શ્રી ચંપકલાલ સુતરિયા, સ્વ. શ્રી ચંદૂલાલ સાડીવાળા, સ્વ. શ્રી બાલેન્દ્રભાઇ કલાર્ક, સ્વ. શ્રી પ્રવિણભાઇ પરીખ, સ્વ. શ્રી વિષ્ણુભાઇ બ્રહ્મભટ્ટ અને અન્ય આગેવાનોએ નાનો વર્ગ બેંકીંગ પ્રથામાં જોડાઇ અને આવનારી ભવિષ્યની પેઢી બેંકીંગ પ્રથાનો ઉપયોગ સારી રીતે કરી શકે અને શરાફ અને અન્ય ખાનગી નાણાંકીય લેવડ-દેવડની ચૂંગાલમાંથી વ્યાજની મુક્તિ અપાવવા ૭૦૫ સભાસદોથી બેંકની સ્થાપના કરેલ હતી અને શરૂઆતમાં બેંકનું શેર ભંડોળ રૂા. ૮,૪૯,૭૭૬ હતું. અને આજે બેંકની સભાસદ સંખ્યા ૧૪૦૧૮ છે અને શેરભંડોળ રૂા. ૭૪.૫૫ લાખ છે.

બેંકે પોતાના નફામાંથી ખંભાત શહેરની સમાજીક સંસ્થાઓ જેવી કે આરોગ્યની, શૈક્ષણિક, જીવદયા અને નગરપાલિકાને દાન આપેલ છે. ખંભાત શહેરના પ્રાણપ્રશ્ન મીઠા પાણીના ફીલ્ટરેશન પ્લાન્ટ માટે રૂા. ૧૫ લાખનું દાન આપેલ હતું. સ્મશાનમાં બેસવાનો વિસામો, તીલકબાગને રીનોવેશન માટે, સીધ્ધેશ્વરી સ્કૂલમાં પ્રાથમિક શાળા અને શહેરી શૈક્ષણિક સંસ્થા શ્રી બાળકેળવણી ટ્રસ્ટને પણ દાન આપેલ છે. સ્મશાનમાં અગ્નીસંસ્કાર માટે લાકડાની તકલીફ પડતી હતી તો તે વખતે લાયન્સ કલબ સોસાયટી સાથે રહીને ઘણા વર્ષ સુધી લાકડાની સેવા પૂરી પાડેલ હતી.

અત્યાર સુધી બેંકે રૂા. ૧,૨૧,૩૧,૫૦૦ નું શહેરી સંસ્થાઓને માતબર દાન અને સભાસદોના વારસદારોને સહાય સભાસદોના સહકારથી આપેલ છે.

સામાજીક વિકાસ ફંડમાંથી સભાસદોના વારસદારોને અત્યાર સુધી રૂા. ૫૮,૧૯,૦૦૦ મદદ કરેલ છે.

આજે બેંક પાસે રૂા. ૫.૬૨ કરોડનું રીઝર્વફંડ છે અને શહેરના લોન લેનાર સભાસદોએ પોતાની નાણાં લોન પરત ભરવાની ભાવનાને લીધે બેંક અત્યાર સુધીના વર્ષોમાં નેટ એન.પી.એ. શૂન્ય (૦) ધરાવે છે. આ બતાવે છે કે ચૂંટાયેલી પાંખે બેંકના નાણાંનો વહીવટ એક ટ્રસ્ટી તરીકે કરેલ છે અને તેમાં બેંકના ભૂતકાળના અને ચાલુ કર્મચારીઓનો મોટો ફાળો છે.

ભૂતકાળના વર્ષમાં સહકારી બેંકોની પરિસ્થિતીમાં આર્થિક ફેરફાર થયો તે વખતે બેંકના સભાસદો અને ખાસ કરીને બેંકના થાપણદારોએ બેંકમાં વિશ્વાસ મૂકીને બેંકને સધ્ધરતા અપાવી હતી.

સભાસદોએ અને ચૂંટાયેલી પાંખે મારામાં વિશ્વાસ મૂકીને છેલ્લા ૩૨ વર્ષથી બેંકની અને સભાસદોની સેવા કરવાની જે તક આપેલ તે માટે સૌનો હું આભારી છું.

હાલના ચેરમેનશ્રી ખુશમનભાઇ પટેલ, મેનેજીંગ ડીરેક્ટર શ્રી અનિલભાઇ વૈદ્ય, મારા સાથી મેનેજીંગ ડીરેક્ટરશ્રી સ્વ. મહેશભાઇ દાળીયા અને મારા સાથી સૌ ડીરેક્ટરશ્રીઓ અને અમારા વડીલ ડીરેક્ટરશ્રી દીનેશભાઇ કાપડીયાનો આભાર માનું છું.

બેંકના મેનેજરશ્રી હિતેન્દ્રભાઇ ભટ્ટ અને એકાઉન્ટન્ટ શ્રી ભરતભાઇ રાવલ અને અન્ય ઓફિસરશ્રી અને કલાર્ક તથા અન્ય ચોથા વર્ગના કર્મચારી અને ભૂતકાળના બેંકના સૌ સ્ટાફ મિત્રોનો આ બેંકની પ્રતિષ્ઠા વધે તે માટે જે પ્રયત્ન કરેલ તે સૌને આ તબક્કે આભાર માનું છું અને બેંકના સુવર્ણ જયંતિ ૫૦ વર્ષની ઉજવણીમાં બેંકના થાપણદારો, લોન લેનાર, સેવીંગ્સ ખાતેદારો સૌને લાભ આપેલ છે.

# ધી ખંભાત નાગરિક

## તા. ૩૧ માહે માર્ચ ૨૦૨૧ ના

| તા. ૩૧-૦૩-૨૦૨૦ રૂા. પૈ. | ભંડોળ તથા દેવું | રૂા. પૈ. | તા. ૩૧-૦૩-૨૦૨૧ રૂા. પૈ. |
|---|---|---|---|
| ૧,૦૦,૦૦,૦૦૦=૦૦ | (૧) શેર ભંડોળ : | | ૧,૦૦,૦૦,૦૦૦=૦૦ |
| | (અ) મિલકત શેર થાપણ | ૧,૦૦,૦૦,૦૦૦=૦૦ | |
| | શેર નંગ - ૨,૦૦,૦૦૦ | | |
| | દરેક રૂા. ૫૦-૦૦ નો | | |
| | (બ) ભરાયેલા અને વસૂલ આવેલ શેર થાપણ | | |
| | ૧,૫૦,૩૫૩ | | |
| | શેર દરેક રૂા.૫૦-૦૦નો | | |
| ૭૬,૧૦,૭૫૦-૦૦ | (૧) વ્યક્તિઓને | ૭૫,૧૭,૬૫૦-૦૦ | |
| — | (૨) સહકારી સંસ્થાઓને | — | |
| — | (૩) રાજ્ય સરકારશ્રીના | — | ૭૫,૧૭,૬૫૦-૦૦ |
| | (૨) રીઝર્વ તથા અન્ય ફંડો : | | |
| ૫,૫૮,૦૩,૧૦૫-૬૨ | (૧) રીઝર્વ ફંડ | ૫,૬૨,૭૯,૭૩૨-૧૨ | |
| ૭૦,૩૫,૧૧૦-૪૧ | (૨) બીલ્ડીંગ ફંડ | ૭૦,૬૫,૫૬૩-૪૧ | |
| ૧,૯૪,૯૩,૦૮૦-૭૧ | (૩) ડૂબત લેણાં ફંડ | ૧,૯૬,૭૧,૧૪૮-૭૧ | |
| ૧૫,૦૯,૦૦૦-૦૦ | (૪) બીડીડીઆર યુ/એસ ૩૬ (I)(VIIa) | ૧૮,૩૦,૫૦૦-૦૦ | |
| ૨૨,૬૪,૫૧૭-૫૦ | (૫) ડીવીડન્ડ ઈક્વી. ફંડ | ૨૨,૯૪,૯૭૦-૫૦ | |
| ૧૧,૧૧,૫૭૪-૬૬ | (૬) ધર્માદા ફંડ | ૧૧,૧૩,૮૨૭-૬૬ | |
| ૭,૯૭,૬૪૪-૨૩ | (૭) સહકાર પ્રચાર ફંડ | ૮,૦૯,૮૨૫-૨૩ | |
| ૭૯,૩૬,૨૭૦-૩૦ | (૮) મહોત્સવ ફંડ | ૮૨,૪૦,૮૦૪-૩૦ | |
| ૭,૪૨,૪૧૩-૩૧ | (૯) સામાજીક વિકાસ ફંડ | ૭,૧૦,૧૩૩-૩૧ | |
| ૩,૯૯,૬૦૩-૪૭ | (૧૦) સ્ટાફ વેલફેર ફંડ | ૪,૧૭,૮૭૫-૪૭ | |
| ૩,૦૦,૦૦૦-૦૦ | (૧૧) સ્ટાન્ડર્ડ એસેટ્સ પ્રોવીઝન | ૩,૦૦,૦૦૦-૦૦ | |
| ૨૭,૮૨,૭૪૬-૦૦ | (૧૨) રોકાણો ઉપર ઘસારા ફંડ | ૨૭,૮૨,૭૪૬-૦૦ | |
| ૪૦,૨૫૫-૦૦ | (૧૩) રોકાણ વધઘટ ફંડ | ૭૦,૭૦૮-૦૦ | ૧૦,૧૫,૮૭,૮૩૪-૭૧ |
| — | (૩) પ્રિન્સીપાલ સબસીડીયર | | — |
| | સ્ટેટ પાર્ટનરશીપ ફંડ | | |
| | (૪) થાપણો અને અન્ય ખાતાઓ | | |
| | (૧) બાંધી મુદત થાપણો : | | |
| ૮,૯૨,૬૧,૯૧૧-૦૦ | (૧) વ્યક્તિઓ | ૯,૮૫,૩૪,૬૩૨-૦૦ | |
| — | (૨) મધ્યસ્થ સહકારી બેંકો | — | |
| ૬૯,૨૦,૩૯૪-૦૦ | (૩) અન્ય મંડળીઓ | ૭૧,૧૭,૦૪૧-૦૦ | |
| ૪,૫૧,૫૦૦-૦૦ | (૨) રીકરીંગ થાપણ : | ૪,૦૦,૦૦૦-૦૦ | |
| | (૩) સેવીંગ્સ બેંક ડીપોઝીટ | | |
| ૧૧,૯૧,૪૧,૭૯૦-૪૦ | (૧) વ્યક્તિઓ | ૧૨,૫૪,૭૨,૨૬૨-૭૯ | |
| — | (૨) મધ્યસ્થ સહકારી બેંકો | — | |
| ૬૪,૦૬,૭૫૫-૫૬ | (૩) અન્ય મંડળીઓ | ૫૫,૨૮,૯૨૮-૯૮ | |
| | (૪) ચાલુ થાપણો અને | | |
| | મેચ્યોર્ડ બાંધી મુદત થાપણો | | |
| ૧,૭૬,૮૨,૭૦૬-૬૮ | (૧) વક્તિઓ | ૧,૨૮,૧૩,૬૪૫-૮૧ | |
| — | (૨) મધ્યસ્થ સહકારી બેંકો | — | |
| ૩,૩૦,૯૨૩-૨૧ | (૩) અન્ય મંડળીઓ | ૬,૧૦,૭૮૬-૪૫ | |
| ૩૪,૮૦,૨૨,૦૫૨-૦૬ | સરવાળો આગળ લઈ ગયા | ૨૫,૦૪,૭૭,૨૭૯-૦૩ | ૧૦,૯૧,૦૫,૪૮૪-૭૧ |

# સહકારી બેંક લી., ખંભાત.
## રોજનું પાકું સરવૈયું

| તા. ૩૧-૦૩-૨૦૨૦ રૂા. પૈ. | મિલ્કત તથા લ્હેણું | રૂા. પૈ. | તા. ૩૧-૦૩-૨૦૨૧ રૂા. પૈ. |
|---|---|---|---|
| | (૧) રોકડ સિલક | | |
| ૬૨,૪૬,૭૩૫-૫૭ | (૧) હાથ ઉપર સિલક | ૫૪,૩૮,૪૧૭-૫૬ | |
| — | (૨) રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડીયામાં | — | |
| ૫,૨૫,૦૨૭-૧૦ | (૩) સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયામાં | ૫,૪૧,૨૨૮-૮૪ | |
| ૬૦,૪૯,૫૫૮-૫૨ | (૪) સ્ટેટ કો. ઓપ. બેંકમાં | ૫૩,૮૪,૬૯૮-૮૯ | |
| ૧,૨૦,૦૦૦-૦૦ | (૫) ડીસ્ટીક્ટ કો. ઓપ. બેંકમાં | ૪૬,૯૯૯-૦૦ | |
| ૩,૫૫,૦૦૦-૦૦ | (૬) અન્ય રાષ્ટ્રીયકૃત બેંકમાં | ૧,૨૫,૦૦૦-૦૦ | ૧,૧૫,૩૬,૩૪૪-૨૯ |
| | (૨) અન્ય બેંકમાં સિલક | | |
| ૫૫,૦૩,૬૨૬-૪૯ | (૧) ચાલુ થાપણો આઈ.સી.આઈ.સી.આઈ.બેંક | ૧૪,૫૬,૨૧૨-૪૧ | |
| ૩,૧૨,૧૮,૦૬૦-૦૦ | (૨) બાંધી મુદત થાપણો (એપેન્ડીક્ષ -એ મુજબ) | ૨,૬૦,૦૦,૦૦૦-૦૦ | ૨,૭૪,૫૬,૨૧૨-૪૧ |
| — | (૩) ટુંકી મુદત અને કોલ ડીપોઝીટ : | — | |
| | (૪) રોકાણો : | | |
| ૨૫,૪૨,૬૧,૪૪૦-૦૦ | (૧) રાજય/કેન્દ્ર સરકારની જામીનગીરીઓ | ૨૭,૧૨,૧૬,૯૩૫-૦૦ | |
| ૧૨,૧૦૦-૦૦ | (૨) ધી ખેડા જિલ્લા બેંકના શેરો | ૧૨,૧૦૦-૦૦ | |
| ૫,૦૦૦-૦૦ | (૩) ધી ગુજરાત સ્ટેટ કો. ઓપ. બેન્કના શેરો | ૫,૦૦૦-૦૦ | ૨૭,૧૨,૩૪,૦૩૫-૦૦ |
| — | (૫) પ્રિન્સીપલ સબસીડીયરી સ્ટેટ પાર્ટનરશીપ ફંડ ખાતુ | | — |
| | (૬) ધિરાણ : | | |
| ૨,૧૨,૦૯,૭૦૬-૪૮ | (૧) ટુંકી મુદતનું ધિરાણ જે પૈકી મુદત વીતી રકમ રૂા. ૬,૮૦,૨૦૬-૯૯ પૈ. | ૩,૬૬,૭૦,૧૯૩-૨૯ | |
| ૨,૩૫,૧૪,૩૪૫-૮૯ | (૨) મધ્યમ મુદતનું ધિરાણ જે પૈકી મુદત વીતી રકમ રૂા. ૬,૦૦,૮૫૩-૨૯ પૈ. | ૧,૭૩,૨૯,૭૬૦-૭૭ | |
| ૧૮,૦૨,૦૧૭-૦૦ | (૩) લાંબી મુદતનું ધિરાણ જે પૈકી મુદત વીતી રકમ રૂા. ૦-૦૦ પૈ. | ૪,૩૦,૪૨૮-૯૨ | ૫,૪૪,૩૦,૩૮૨-૯૮ |
| ૬૧,૫૦,૩૦૨-૦૦ | (૭) મળવાપાત્ર વ્યાજ : (રોકાણો) | | ૫૬,૯૪,૨૬૯-૦૦ |
| ૨,૧૪,૦૫,૫૭૫-૦૦ | (૮) મળવાપાત્ર વ્યાજ : ઓવરડ્યુ | | ૨,૪૨,૪૫,૯૩૪-૦૦ |
| - | (૯) કોવિડ-૧૯ એરીગ્રેસીયા ઇન્ટરેસ્ટ રીસીવેબલ | | ૪૩,૭૪૩-૬૨ |
| ૩૭,૮૩,૭૮,૪૯૪-૦૫ | સરવાળો આગળ લઈ ગયા... | — | ૩૯,૪૬,૪૦,૯૨૧-૩૦ |

# ધી ખંભાત નાગરિક

## તા. ૩૧ માહે માર્ચ ૨૦૨૧ ના

| તા. ૩૧-૦૩-૨૦૨૦ રૂા. પૈ. | ભંડોળ તથા દેવુ | રૂા. પૈ. | તા. ૩૧-૦૩-૨૦૨૧ રૂા. પૈ. |
|---|---|---|---|
| ૩૪,૮૦,૨૨,૦૫૨-૦૬ | સરવાળો આગળથી લાવ્યા.... | ૨૫,૦૪,૭૭,૨૯૭-૦૩ | ૧૦,૯૧,૦૫,૪૮૪-૭૧ |
| — | (૫) કોલ અને ટુંકી મુદતો : | — | — |
| | (૬) અન્ય થાપણો : | | |
| ૨૮,૦૮,૭૮૭,૯૮ | ધીરાણ ખાતાઓની જમા રકમો | ૧૬,૨૫,૫૬૩-૧૭ | |
| | | | ૨૫,૨૧,૦૨,૮૬૦-૨૦ |
| — | (૫) કરજ | | — |
| — | (૬) બીલ્સ સેન્ટ ફોર કલેક્શન : | | — |
| — | (૭) શીખાના હવાલા | | — |
| ૩,૧૦,૦૦૦-૦૦ | (૮) ઓવરડ્યુ વ્યાજ રીઝર્વ | | ૩,૧૦,૦૦૦-૦૦ |
| ૨,૧૪,૦૫,૫૭૫-૦૦ | (૯) ઓવરડ્યુ વ્યાજ રીઝર્વ-લોન એન્ડ એડવાન્સ | | ૨,૪૨,૪૫,૯૩૪-૦૦ |
| ૨૬,૮૧,૨૨૨-૪૫ | (૧૦) ચુકવવા પાત્ર વ્યાજ | | ૨૭,૩૦,૪૩૮-૦૦ |
| | (૧૧) અન્ય જવાબદારીઓ : | | |
| ૮,૭૬,૫૬૪-૫૨ | (૧) ડીવીડન્ડ પેએબલ | ૧૬,૮૩,૨૫૧-૫૨ | |
| ૧૫,૨૮,૨૯૫-૨૦ | (૨) પરચુરણ દેવા | ૧૭,૦૮,૦૭૭-૮૩ | |
| ૧,૯૫૦-૦૦ | (૩) શેર અરજી અનામત | ૦-૦૦ | |
| ૩,૨૫,૩૨,૪૩૬-૩૩ | (૪) સ્ટાફ પ્રોવીડન્ડ ફંડ થાપણ | ૩,૪૫,૧૯,૮૦૧-૩૩ | |
| ૪૦,૨૧,૨૦૦-૦૦ | (૫) સ્ટાફ લીવ પ્રોવીઝન | ૪૪,૨૯,૯૮૦-૦૦ | |
| ૨૪,૮૫૩-૦૦ | (૬) જીએસટી આઉટ પુટ | ૨૩,૮૯૬.૦૬ | |
| ૧,૭૫,૦૪૩-૦૦ | (૭) બીલ પેએબલ (અન પેડ ડીડી) | ૧,૭૭,૩૪૪-૦૦ | |
| | | | ૪,૨૫,૪૨,૩૫૦-૭૪ |
| — | (૧૨) અન્ય સંપતિ : | | |
| | ક્લીયરીંગ હાઉસ ડીફેન્સે એકજસ્ટમેન્ટ | | ૧૯,૫૦,૮૭૫-૯૬ |
| | (૧૩) નફા-તોટા ખાતે : ગયા વર્ષની બાકી | ૨૨,૨૫,૮૫૧-૦૦ | |
| | બાદ : વહેંચણી | ૨૨,૨૫,૮૫૧-૦૦ | |
| ૨૨,૨૫,૮૫૧-૦૦ | ચાલુ વર્ષના નફા / નુકશાન ખાતેથી લાવ્યા | | ૨૫,૭૧,૨૫૧-૦૦ |
| ૪૧,૬૬,૧૩,૮૩૦-૫૪ | સરવાળો | | ૪૩,૫૫,૫૯,૧૯૪-૬૧ |
| | (૧૪) કન્ટીજન્ટ એકાઉન્ટ - અન્ય જવાબદારી | | — |
| | (એ) આપેલી બાંહેધરી પેટે | | |
| | લીધેલ જવાબદારીઓ રૂા. ૦.૦૦ | | — |
| ૬૨,૫૨,૫૧૯-૪૧ | (બી) ડીઇએએફ - ૨૦૧૪ | | ૬૬,૪૪,૯૨૬-૮૩ |
| | (અન ઓપરેટ એકા. ટ્રાન્સફર ટુ આરબીઆઈ સ્કીમ) | | |
| ૪૨,૨૮,૬૬,૩૪૯-૯૫ | સરવાળો | — | ૪૪,૨૨,૦૪,૧૨૧-૪૪ |

| શ્રી ખુશમનભાઈ શાંતીલાલ પટેલ | શ્રી અનિલભાઈ નવિનચંદ્રભાઈ શાહ | શ્રી હિતેન્દ્ર એ. ભટ્ટ |
|---|---|---|
| : ચેરમેન : | : મેનેજીંગ ડીરેક્ટર : | : મેનેજર : |
| શ્રી નીતીનભાઈ રૂઘનાથજી બ્રહ્મભટ્ટ | શ્રી મહેશભાઈ જયંતીલાલ દાળીયા | શ્રી ભરત એન. રાવલ |
| : વાઈસ ચેરમેન : | : જોઈન્ટ મેનેજીંગ ડીરેક્ટર : | : એકાઉન્ટન્ટ : |

### વ્યવસ્થાપક - કમીટી સભ્યો

શ્રી નવીનચંદ્ર ગફુરભાઈ પટેલ
શ્રી શશીકાંતભાઈ શાંતિલાલ પટેલ
શ્રી કંચનલાલ ગફુરભાઈ રાણા
શ્રી હરીશભાઈ રતીલાલ પટેલ (તા. ૧૪-૦૯-૨૦૨૦ સુધી)
શ્રી હિતેશભાઇ મહેન્દ્રભાઇ પટેલ (તા. ૭-૧૧-૨૦૨૦ થી)
શ્રીમતી સોનલબેન કલ્પેશભાઈ ચોકસી
શ્રીમતી મીનાક્ષીબેન હિરાલાલ પટેલ
શ્રી દિનેશચંદ્ર કાંતિલાલ કાપડીઆ
શ્રી દિનેશચંદ્ર કાંતિલાલ પટેલ
શ્રી પ્રીતીનભાઈ ચંપકલાલ સુતરીયા
શ્રી કલ્પેશભાઇ કેસરીચંદ શાહ
શ્રી ઈશ્વરભાઈ મોતીભાઇ પરમાર
શ્રી પ્રકાશભાઈ મણીલાલ શાહ - પ્રોફે. ડિરેક્ટર

# સહકારી બેંક લી., ખંભાત.

## રોજનું પાકું સરવૈયું

| તા. ૩૧-૦૩-૨૦૨૦ રૂા. પૈ. | મિલ્કત તથા લ્હેણું | રૂા. પૈ. | તા. ૩૧-૦૩-૨૦૨૧ રૂા. પૈ. |
|---|---|---|---|
| ૩૭,૮૩,૭૮,૪૯૪-૦૫ | સરવાળો આગળથી લાવ્યા.... | — | ૩૯,૪૬,૪૦,૯૨૧-૩૦ |
| ૦-૦૦ | (૧૦) બીલ્સ રીસીવેબલ | — | ૦-૦૦ |
| — | (૧૧) શાખાના હવાલા | — | — |
| ૫,૭૫,૧૬૮-૦૦ | (૧૨) મકાન ખાતે | — | ૫,૪૬,૪૦૯-૦૦ |
| ૩,૦૮,૨૧૫-૦૦ | (૧૩) ફર્નીચર અને ફીક્ષ્ચર્સ | — | ૨,૬૮,૦૬૨-૦૦ |
| ૩,૫૫,૩૮૩-૦૦ | (૧૪) સેઈફ ડીપોઝીટ લોકર્સ | — | ૩,૧૯,૮૪૫-૦૦ |
| ૩,૦૦,૮૪૩-૩૪ | (૧૫) કોમ્પ્યુટર | — | ૧,૯૮,૭૯૦-૩૪ |
| ૪૬,૩૩૭-૦૦ | (૧૬) ઇલેક્ટ્રીક ફીટીંગ્સ | — | ૪૧,૭૦૩-૦૦ |
| | (૧૭) અન્ય અસ્ક્યામત : | | |
| ૩,૦૪૭-૩૩ | (૧) પ્રોવીડન્ડ ફંડ સ્પે. સેવીંગ એકાઉન્ટ | ૪,૪૧૨-૩૩ | |
| ૩,૨૫,૨૯,૩૮૯-૦૦ | (૨) સ્ટાફ પ્રોવીડંડ ફંડ એફડીઆર અને GOI | ૩,૪૫,૧૫,૩૮૯-૦૦ | |
| ૪૦,૨૧,૨૦૦-૦૦ | (૩) સ્ટાફ લીવ પ્રોવિઝન FDR | ૪૪,૨૯,૯૮૦-૦૦ | |
| ૧૦,૨૦૦-૦૦ | (૪) સ્પેશ્યલ અધેસીવ સ્ટેમપસ | ૧,૮૦૦-૦૦ | |
| ૫,૦૦૦-૦૦ | (૫) ઈ-સ્ટેમ્પ | ૫,૯૪૫-૦૦ | |
| ૫,૬૪૦-૦૦ | (૬) ટેલીફોન ડીપોઝીટ | ૫,૬૪૦-૦૦ | |
| ૧૮,૦૦૫-૪૦ | (૭) અનપેડ ક્લેઈમ ફ્રોમ ડીઈએએફ | ૨૯,૧૯૩-૯૨ | |
| ૮૫૩-૦૦ | (૮) ડીઈએએફ ઈન પેઈડ ફ્રોમ ક્લેઈમ | ૧,૫૫૮-૦૦ | |
| ૪૧,૯૩૭-૦૨ | (૯) જીએસટી ઇનપુટ | ૧૪,૫૪૫-૭૨ | |
| ૦૦-૦૦ | (૧૦) સનરી ડીબટોરસ અકાઉન્ટ | ૫,૨૫,૦૦૦-૦૦ | |
| ૪,૧૧૮-૪૦ | (૧૧) જીએસટી ઇનપુટ - આરસીએમ | ૦-૦૦ | |
| ૧૦,૦૦૦-૦૦ | (૧૨) સીકેવાયસી વોલેટ | ૧૦,૦૦૦-૦૦ | ૩,૯૫,૪૩,૪૬૩-૯૭ |
| ૪૧,૬૬,૧૩,૮૩૦-૫૪ | સરવાળો | | ૪૩,૫૫,૫૯,૧૯૪-૬૧ |
| — | (૧૭) કન્ટીજન્ટ એકાઉન્ટ - અન્ય જવાબદારી | | — |
| ૬૨,૫૨,૫૧૯-૪૧ | (એ) ડીઈએએફ - ૨૦૧૪ (રીસીવેબલ) (અન ઓપરેટ એકા. TRF ટુ આરબીઆઈ સ્કીમ) | | ૬૬,૪૪,૯૨૬-૮૩ |
| ૪૨,૨૮,૬૬,૩૪૯-૯૫ | સરવાળો | — | ૪૪,૨૨,૦૪,૧૨૧-૪૪ |

### એપેન્ડીક્ષ - એ

મિલ્કત તથા લ્હેણું
(૨) અન્ય બેંકોમાં કરેલ રોકાણો
(૩) બાંધી મુદ્દત થાપણો : કુલ રૂા. ૨,૬૦,૦૦,૦૦૦-૦૦

| અ. નં. | બેંકનું નામ | સ્થળ | રકમ રૂા. (તા.૩૧/૦૩/૨૦ ના રોજ) | રકમ રૂા. (તા.૩૧/૦૩/૨૧ ના રોજ) |
|---|---|---|---|---|
| ૧. | ધી ખેડા જી.મ.સ. બેંક લીમીટેડ | ખંભાત | ૧,૦૭,૦૮,૦૬૦-૦૦ | ૯૦,૦૦,૦૦૦-૦૦ |
| ૨. | ધી ગુજરાત સ્ટે કો.ઓ. બેંક લી. | અમદાવાદ | ૫૦,૦૦,૦૦૦-૦૦ | ૫૦,૦૦,૦૦૦-૦૦ |
| ૩. | સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયા | ખંભાત | ૧,૧૦,૧૦, ૦૦૦-૦૦ | ૧,૦૦,૦૦,૦૦૦-૦૦ |
| ૪. | યુકો બેંક | ખંભાત | ૪૫,૦૦,૦૦૦-૦૦ | ૨૦,૦૦,૦૦૦-૦૦ |
| | | કુલ..... | ૩,૧૨,૧૮,૦૬૦-૦૦ | ૨,૬૦,૦૦,૦૦૦-૦૦ |

: ઓડિટર :
પટેલ એન્ડ મહેતા
ચાર્ટડ એકાઉન્ટન્ટ
FRN-125480W
પાર્ટનર
સી.એ. નીરવ મહેતા
પેનલ ક્રમાંક નં.-૩૧૭
મે.નં. ૧૧૬૮૭૫
આણંદ.

# ધી ખંભાત નાગરિક

## તા. ૩૧ માહે માર્ચ ૨૦૨૧ ના

| તા. ૩૧-૦૩-૨૦૨૦ રૂ. પૈ | ખર્ચ | | તા. ૩૧-૦૩-૨૦૨૧ રૂ. પૈ |
|---:|---|---:|---:|
| ૯૦,૧૦,૮૫૯-૪૯ | (૧) થાપણો કરજ વિગેરે વ્યાજ | | ૯૧,૫૦,૦૦૨-૫૫ |
| ૧,૧૪,૭૩,૬૯૨-૦૦ | (૨) પગાર ભથ્થા તથા પ્રો. ફંડ | | ૧,૨૮,૨૪,૨૩૦-૦૦ |
| — | (૩) કમીટીના સભ્યની ફી તથા ભાડાભથ્થા | | — |
| ૬,૦૫,૯૫૬-૫૪ | (૪) ટેક્ષ, મકાન, કર વિમો વિજળી ખર્ચ | | ૬,૩૫,૮૦૯-૦૦ |
| ૮૨૨-૦૦ | (૫) કોર્ટ ફી તથા વકીલ ફી | | ૬,૫૨૩-૦૦ |
| ૫૦,૩૮૪-૧૦ | (૬) તાર-ટપાલ ટેલીફોન | | ૩૭,૧૨૯-૧૬ |
| ૧,૫૯,૦૦૦-૦૦ | (૭) ઓડીટ ફી | | ૧,૩૪,૦૦૦-૦૦ |
| ૪,૩૩,૯૩૮-૦૪ | (૮) મિલ્કતોની મરામત તથા ઘસારો તથા મેન્ટેનન્સ | | ૪,૪૪,૩૮૭-૩૨ |
| ૭૩,૩૮૯-૫૨ | (૯) સ્ટેશનરી, છપામણી, જાહેરાત વિ. | | ૯૬,૭૦૮-૦૮ |
| ૦-૦૦ | (૧૦) બીન બેન્કીંગ માલ-મિલ્કતના વેચાણથી થયેલ નુકશાન | | ૦-૦૦ |
| ૨,૩૪,૫૨૪-૩૦ | (૧૧) પરચુરણ ખર્ચ | | ૧,૮૯,૪૬૨-૪૨ |
| ૧૬,૭૮૬-૯૪ | (૧૨) કલીયરીંગ ચાર્જીસ | | ૧૧,૪૧૭-૭૦ |
| ૧૦,૦૧૧-૦૦ | (૧૩) મુસાફરી ખર્ચ | | ૮,૩૩૫-૦૦ |
| ૩૮,૦૦૦-૦૦ | (૧૪) લવાજમ | | ૨૦,૦૦૦-૦૦ |
| ૮,૦૯,૬૭૫-૦૦ | (૧૫) ગ્રેજ્યુઈટી ખર્ચ | | ૧૦,૨૬,૨૩૬-૦૦ |
| ૦-૦૦ | (૧૬) ઈલેકશન ખર્ચ | | ૦-૦૦ |
| ૮૩,૫૬૦-૦૦ | (૧૭) જીઓઆઈ સીક્યુરીટી પ્રીમીયમ પેઈડ ખર્ચ | | ૮૩,૫૬૦-૦૦ |
| ૧,૦૦૦-૦૦ | (૧૮) પ્રોફેશનલ ટેક્ષ | | ૧,૦૦૦-૦૦ |
| ૧૫,૨૯,૨૯૦-૦૦ | (૧૯) ઈન્કમટેક્ષ | | ૯,૦૭,૫૦૦-૦૦ |
| ૨,૭૦,૮૮૪-૦૦ | (૨૦) સીક્યુરીટી ગાર્ડ સર્વિસ ચાર્જ | | ૨,૮૩,૬૭૦-૦૦ |
| ૪,૨૮,૫૦૦-૦૦ | (૨૧) એડહોક પગાર | | ૧,૪૮,૧૬૦-૦૦ |
| ૯૭,૬૬૫-૮૧ | (૨૨) ઇનએલીજીબલ - જીએસટી | | ૧,૦૮,૫૮૧-૧૦ |
| ૦-૦૦ | (૨૩) ગોલ્ડન જુબીલી ખર્ચ | | ૫૮,૪૭૯-૦૦ |
| ૦-૦૦ | (૨૪) વેચાણ પ્રોત્સાહન | | ૪૫,૦૧૨-૪૬ |
| ૨,૫૩,૨૭,૯૩૮-૭૪ | કુલ ખર્ચ | | ૨,૬૨,૨૦,૨૦૨-૭૯ |
| ૩૫,૦૦,૮૫૧-૦૦ | જોગવાઈ પહેલાનો નફો બાદ - જોગવાઈઓ | | ૨૮,૯૨,૭૫૧-૦૦ |
| ૨,૭૫,૦૦૦-૦૦ | બીડીઆર કલમ-૩૬ (૧) (VIIa) | ૩,૨૧,૫૦૦-૦૦ | |
| ૧૦,૦૦,૦૦૦-૦૦ | મહોત્સવ ફંડ રીઝર્વ | ૦-૦૦ | ૩,૨૧,૫૦૦-૦૦ |
| ૨૨,૨૫,૮૫૧-૦૦ | ચોખ્ખો નફો સરવૈયામાં લઈ ગયા તે | | ૨૫,૭૧,૨૫૧-૦૦ |
| ૨,૮૮,૨૮,૭૮૯-૭૪ | કુલ | | ૨,૯૧,૧૨,૯૫૩-૭૯ |

| | | |
|---|---|---|
| શ્રી ખુશમનભાઈ શાંતીલાલ પટેલ<br>: ચેરમેન : | શ્રી અનિલભાઈ નવિનચંદ્રભાઈ શાહ<br>: મેનેજીંગ ડીરેક્ટર : | શ્રી હિતેન્દ્ર એ. ભટ્ટ<br>: મેનેજર : |
| શ્રી નીતીનભાઈ રૂઘનાથજી બ્રહ્મભટ્ટ<br>: વાઈસ ચેરમેન : | શ્રી મહેશભાઈ જયંતીલાલ દાળીયા<br>: જોઈન્ટ મેનેજીંગ ડીરેક્ટર : | શ્રી ભરત એન. રાવલ<br>: એકાઉન્ટન્ટ : |

**: ઓડિટર :**

પટેલ એન્ડ મહેતા
ચાર્ટડ એકાઉન્ટન્ટ
FRN-125480W
પાર્ટનર
સી.એ. નીરવ મહેતા
પેનલ ક્રમાંક નં.-૩૧૭
મે.નં. ૧૧૬૮૭૫
આણંદ.

**વ્યવસ્થાપક - કમીટી સભ્યો**

શ્રી નવીનચંદ્ર ગફુરભાઈ પટેલ
શ્રી શશીકાંતભાઈ શાંતિલાલ પટેલ
શ્રી કંચનલાલ ગફુરભાઈ રાણા
શ્રી હરીશભાઈ રતીલાલ પટેલ (તા. ૧૪-૦૯-૨૦૨૦ સુધી)
શ્રી હિતેશભાઇ મહેન્દ્રભાઇ પટેલ (તા. ૭-૧૧-૨૦૨૦ થી)
શ્રીમતી સોનલબેન કલ્પેશભાઈ ચોકસી
શ્રીમતી મીનાક્ષીબેન હિરાલાલ પટેલ
શ્રી દિનેશચંદ્ર કાંતિલાલ કાપડીઆ
શ્રી દિનેશચંદ્ર કાંતિલાલ પટેલ
શ્રી પ્રીતીનભાઈ ચંપકલાલ સુતરીયા
શ્રી કલ્પેશભાઇ કેસરીચંદ શાહ
શ્રી ઈશ્વરભાઈ મોતીભાઇ પરમાર
શ્રી પ્રકાશભાઈ મણીલાલ શાહ - પ્રોફે.ડિરેક્ટર

# સહકારી બેંક લી., ખંભાત.

## રોજ પુરા થતા વર્ષનું નફા - નુકશાન ખાતું

| તા. ૩૧-૦૩-૨૦૨૦ રૂા. પૈ | આવક | તા. ૩૧-૦૩-૨૦૨૧ રૂા. પૈ |
|---|---|---|
| ૨,૭૧,૪૦,૮૯૨-૫૦ | (૧) વ્યાજ અને વળતર | ૨,૭૨,૯૩,૦૫૭-૬૯ |
| ૪,૩૬૧-૭૩ | (૨) વટાવ, દલાલી એક્ષચેન્જ | ૨,૮૫૬-૫૭ |
| — | (૩) સહાય તથા દાન | — |
| ૯૬૩-૦૦ | (૪) બીન બીન્કીંગ મિલ્કતના વેચાણનો નફો | ૦-૦૦ |
| ૮૧,૩૪૧-૮૯ | (૫) પરચુરણ આવક | ૬૦,૧૧૩-૫૬ |
| ૮૦૦-૮૬ | (૬) શેર ટ્રાન્સફર ફી | ૧,૫૮૪-૭૮ |
| ૨,૨૦૨,-૦૦ | (૭) ઇન્વેસ્ટમેન્ટ પર ડીવીડન્ડ | ૦-૦૦ |
| ૧૩,૪૫,૪૯૨-૩૬ | (૮) લોકર્સ ભાડાની આવક | ૧૩,૬૪,૮૦૦-૮૪ |
| ૧૩૮-૯૮ | (૯) પ્રાયમીનીસ્ટર ઇન્સ્યુ. સ્કીમ કમિશન | ૧૩૮-૯૮ |
| ૭૨,૬૨૬,૪૨ | (૧૦) ચેકબુક અને અન્ય ચાર્જીસ | ૬૬,૫૪૭-૩૭ |
| ૧,૮૦,૦૦૦-૦૦ | (૧૧) પીટુએફ ક્લીયરીંગ હાઉસરેન્ટ | ૮૦,૦૦૦-૦૦ |
| ૦-૦૦ | (૧૨) જી.ઓ.આઇ. સીક્યુરીટી પર નફો / નુકસાન | ૮૭,૫૦૦-૦૦ |
| ૦-૦૦ | (૧૩) આત્મનિર્ભર યોજના ઇન્સેન્ટીવ | ૧,૫૬,૩૫૪-૦૦ |
| ૨,૮૮,૨૮,૭૮૯-૭૪ | કુલ | ૨,૯૧,૧૨,૯૫૩-૭૯ |

## એનેક્ષર : ઈ

## ઓડીટર નો અહેવાલ-૨૦૨૦-૨૧

ધી ખંભાત નાગરીક સહકારી બેંક લી.
પ્રતિ,
તમામ સભાસદશ્રી,

આપની બેંકના હિસાબી વર્ષ ૨૦૨૦-૨૧ ના સ્ટેચ્યુટરી ઓડીટર તરીકે અમારી નિમણુંક રજીસ્ટ્રાર સાહેબશ્રી, સહકારી મંડળીઓ, ગુજરાત રાજ્ય, ગાંધીનગરના હુકમ ક્રમાંક : અષણ / ૨૪૬૦ / જ-૪ / ૪૧૩ / ૨૦૨૧ તા. ૧૬-૦૭-૨૦૨૧થી કરવામાં આવેલ હતી. અમોએ અમારી ઓડીટ કામગીરી બેંક દ્વારા વખતો વખત પુરી પાડવામાં આવેલ માહીતીના આધારે પૂર્ણ કરેલ છે. આ સંસ્થાનું પાકું સરવૈયું, નફા-નુકશાન પત્રક તથા હિસાબી દફતરની ચકાસણી કરી નીચે મુજબ અહેવાલ રજુ કરીએ છીએ.

આ નાણાંકીય પત્રકોની જવાબદારી બેંકના સંચાલકોની છે, અમારી જવાબદારી અમોએ કરેલ અન્વેષણની કામગીરીને આધારીત નાણાંકીય પત્રકો અંગે અભિપ્રાય આપવાની છે. અમોએ કામગીરી ભારતવર્ષના પ્રવર્તમાન અન્વેષણના સામાન્ય ધોરણોને ધ્યાનમાં રાખીને કરેલ છે. આ ધોરણોની જરૂરીયાત પ્રમાણે અમારે અન્વેષણનું આયોજન અને કાર્ય એ રીતે કરવાનું રહે છે કે, જેથી નાણાંકીય પત્રકો કોઈપણ જાતની અગત્યની ગેરરજુઆતોથી મુક્ત છે કે કેમ તે અંગેની જરૂરી ખાત્રી અમોને મળી શકે. અન્વેષણની કામગીરીમાં હિસાબોના જરૂરી પુરાવાની આંશિક તપાસણી અને નાણાંકીય પત્રકોમાં દર્શાવવાની જરૂરી વિગતોના અભ્યાસનો સમાવેશ આવી જાય છે. અન્વેષણની કામગીરીમાં ઉપયોગમાં લેવાયેલા નાણાં સિધ્ધાંતો આ સાથે સામેલ કરેલ હિસાબી નિતીઓ અને સંચાલકો દ્વારા કરવામાં આવેલ અગત્યનાં અંદાજોની ચકાસણી કરવામાં આવે છે. આ ઉપરાંત નાણાંકીય પત્રકોની યોગ્ય રજુઆતની આકારણી અન્વેષણમાં આવરી લેવાયેલ છે. અમે માનીએ છીએ કે, અમારા અન્વેષણની કામગીરી અમોને અભિપ્રાય આપવા માટે યોગ્ય ટેકો આપે છે.

૧) બેંકના વ્યવસ્થાપક સમિતી દ્વારા બેંકનો વહીવટ સહકારી કાયદા-કાનુનની જોગવાઈઓ અને પેટા નિયમને આધીન રહીને ચલાવવામાં આવે છે.
૨) બેંકની વ્યવસ્થાપક સમિતિ દ્વારા આર.બી.આઈ. ના વખતો વખતના સરક્યુલર્સ / ઠરાવો અને માર્ગદર્શક સુચનાઓ વિગેરેનું પાલન કરવામાં આવે છે.
૩) બેંકમાં હિસાબી દફતર વાર્ષિક હિસાબો-હિસાબી પદ્ધતિ રીઝર્વ બેંક ઓફ ઈન્ડીયાની સુચના-સહકારી કાયદાની જોગવાઈઓના સંદર્ભે નિભાવવામાં આવેલ છે.
૪) બેંકનું સરવૈયું બેંકની આર્થિક પરિસ્થિતિનું વાસ્તવિક ચિત્ર દર્શાવે છે. તા. ૩૧-૩-૨૦૨૧ના રોજના સરવૈયામાં દર્શાવેલ મુડી-દેવા અને મિલકત-લેણાંની પરિસ્થિતિ વાસ્તવિક અને ખરી છે. તેમજ તા. ૩૧-૩-૨૧ના રોજ પુરા થતા વર્ષના નફા-નુકશાન ખાતામાં દર્શાવેલ નફો ચાલુ સાલનો સાચો તથા વ્યાજબી છે.
૫) બેંક દ્વારા એસ.એલ.આર. અને સી.આર.આર. ના ધોરણ જળવાયેલ છે.
૬) બેંક દ્વારા આર.બી.આઈ.ની એન.પી.એ. અંગેની ગાઈડ લાઈન્સ મુજબ મિલ્કતોનું વર્ગીકરણ કરવામાં આવેલ છે. અને તે અંગે પર્યાપ્ત જોગવાઈ કરવામાં આવેલ છે.
૭) બેંકના વ્યવસ્થાપક મંડળના સભ્યોને અને તેમના કુટુંબીજનોને વર્ષ ૨૦૨૦-૨૧ દરમ્યાન એફ.ડી.ઓ.ડી.સિવાય કોઈ ધિરાણ કરવામાં આવેલ નથી, જે અંગેનું પ્રમાણપત્ર બેન્કે અમોને આપેલ છે.
૮) બેંકના હોદ્દેદારો કે ડિરેક્ટર્સશ્રી દ્વારા સહકારી કાયદા-કાનુન કે પેટા નિયમોની જોગવાઈ મુજબ ગેરલાયકાત વ્હોરેલ નથી, જે અંગેનું પ્રમાણપત્ર બેન્કે અમોને આપેલ છે.
૯) બેંકના કાર્યવાહકો દ્વારા ચાલુ સાલે "વન-ટાઈમ સેટલમેન્ટ યોજના" અન્વયે કોઈ કિસ્સા આવરી લેવાયેલ નથી કે "ડીપોઝીટ સેટ ઓફ યોજના" કિસ્સા બનેલા નથી.
૧૦) હિસાબી વર્ષ દરમ્યાન લેણાં માંડવાળ કરવાના કિસ્સામાં આર.બી.આઈ. તથા સહકાર ખાતા ધ્વારા ઈશ્યું કરેલ સુચનાઓનું પાલન કરવામાં આવેલ છે.
૧૧) કોર્ટ રાહે સમાધાન, માંડવાળ કિસ્સાઓ બનેલ નથી.
૧૨) બેંન્કની કોઈ શાખા નથી.

પટેલ એન્ડ મહેતા ચાર્ટડ એકાઉન્ટન્ટ
FRN-125480W
પાર્ટનર
સી.એ. નીરવ મહેતા
પેનલ ક્રમાંક નં.-૩૧૭
મે.નં. ૧૧૬૮૭૫
આણંદ.

UDIN : 21116875AAAACZ2099
સ્થળ : આણંદ
તારીખ : ૧૯-૦૮-૨૦૨૧

# The KhambhatNagariksahakari Bank Ltd.,

**Opp: Vadapole, Khambhat**



Mandatory Disclosures in terms of circular No. RBI/2013-14/531
UBD CO BPD (PCB) Cir. No.52/12.05.001/2013-14 March 25, 2014

**NOTES ON ACCOUNTS AND DISCLOSURE OF INFORMATION**

1. **Capital to Risk Weight Asset Ratio.(CRAR)**

| **As on Dt. 31.03.2020** | **As on Dt. 31.03.2021** |
|---|---|
| 77.09 % | 68.57% |

2. **Investments (SLR and HTM Category)** ( Rs.in Lakh )

| **Sr.No** | **Security** | **Face Value** | **Book Value** | **Market Value as on 31.03.21** |
|---|---|---|---|---|
| 1 | Central Govt | 190.00 | 188.30 | 200.51 |
| 2 | State Govt | 2510.20 | 2523.87 | 2639.76 |
| 3 | FDR with other banks (incl. both Nationalized & Co-Operative banks) | 260.00 | 260.00 | 260.00 |
| Total | | 2960.20 | 2972.17 | 3100.27 |

**Non- SLR investments** (Rs in Lakh)

| Sr.No. | **. Issuer** | **Amount** | **Amount Extent of 'below investment grade security** | **Extent of 'unrated Securities** | **Extent of 'unlisted Securities** |
|---|---|---|---|---|---|
| 1 | PSU Bonds | 0.00 | Nil | Nil | Nil |
| 2 | FIs | | Nil | Nil | Nil |
| 3 | Public Sector Banks Bond | 0.00 | Nil | Nil | Nil |
| 4 | Mutual Funds | 0.00 | Nil | Nil | Nil |
| 5 | Others & Share with Co Op Bank | 0.17 | Nil | 0.17 | Nil |
| 6 | Provision Held towards Depreciation | 0.00 | Nil | 0.00 | Nil |

**** Non-performing Non SLR Investment : NIL**

**3. Advances against real estate, construction business and housing: .NIL**

**4. Advances against shares & debentures: NIL**

**5. Advances to directors, their relatives, companies / firms in which they are Interested : YES**

a) Fund-based .Rs. –Against FDR OD **Rs: 12,54,401.00**
b) Non-fund based (Guarantees, L/C, etc.) Rs.**NIL**---------Crore

**6. Cost of Deposits: Average cost of deposits 3.63%**

**7. NPAs:**
**a) Gross NPA Rs. 12.29 Lakh**
**b) Net NPA Rs. 0.00 Lakh**

**8. Movement of NPA**

| **Sr.No.** | **Particulars** | **Amount (Rs.in Lac)** | | **Change in** | |
|---|---|---|---|---|---|
| | | **31.3.20** | **31.3.21** | **Amount** | **percentage** |
| 1 | Gross NPA | 12.62 (2.71%) | 12.29 (2.26%) | -0.33 | -2.61 % |
| 2 | Net NPA | -200.50 “0:” % | -205.83 “0:” % | +5.33 | +2.66% |
| 3 | Provision Held | 213.12 | 218.12 | +5.00 | +2.35% |

9**. Profitability**:

a) Interest income as a percentage of working funds ---- 6.64%
b) Non-interest income as a percentage of working funds ---- 0.44%
c) Operating profit as a percentage of working funds ---- 0.92%
d) Return on Assets ---- 0.62%
e) Business (Deposits + Advances) per employee --Rs.218.96 Lakh
f) Profit per employee - --Rs. 1.84 Lakh

**10. Provisions made towards NPAs, depreciation in investments, Standard Assets**

| Sr. No | Particulars Provision Held | Amount (Rs. .in lakh) | |
|---|---|---|---|
| | | 31.3.20 | 31.3.21 |
| 1 | Towards NPAs | 210.02 | 215.02 |
| 2 | Towards depreciation on investments | 27.83 | 27.83 |
| 3 | Towards standard assets | 3.00 | 3.00 |

11. Payment of DICGC Insurance Premium: Rs.4.00 Lac for the Year 2020-21

12.Penalty imposed by RBI: Rs. NIL

13. Details of Restructured Accounts Rs. NIL

14. Fixed Assets:- Valuation / Revaluation NIL

15. Bad and Doubtful debit written off from BDDR and OIR : NIL

16 DEAF A/c amount transfer to DEAF during year 2020-21
Nos. of Accounts 218 Rs. 4.94 Lakh

17 The bank has taken group gratuity insurance with the Life Insurance Corporation Of India for payment of retirement gratuity under the Group Gratuity Scheme. The annual contribution to Gratuity is paid on yearly LIC premium basis.

Patel and Mehta Chartered Accountants
FRN 125480W

CA Nirav Mehta,
(Partner)
(M.No.116875) (Panel No.317)

Date : 19/08/2021
Place : ANAND

## અગત્યની સૂચના

- બેંકના તમામ ખાતેદારો તથા સભાસદોને વિનંતી કરવામાં આવે છે કે બેંક સાથેના પત્ર વ્યવહાર આપને સમયસર મળે તે માટે હાલનું પૂરેપૂરું સરનામું બેંકમાં નોંધાવવા વ્યવસ્થા કરશો અને સરનામામાં જ્યારે ફેરફાર થાય ત્યારે ત્વરિત બેંકમાં જાણ કરવા વિનંતી છે.
- છેલ્લા ત્રણ વર્ષના ડિવિડન્ડની રકમ જે સભાસદ ન લઈ ગયા હોય તેઓએ બેંકમાં આવી લઈ જવા. ત્યારબાદ સદરહુ રકમ રીઝર્વ ફંડ ખાતે લઈ જવામાં આવશે.
- બેંકના કામકાજ અંગે તથા સરવૈયા અને નફા-નુકસાનના હિસાબો અંગે વધુ માહિતી જોઈતી હોય અગર પૂછપરછ કરવી હોય તો સાધારણ સભાની તારીખના સાત દિવસ અગાઉ બેંકમાં મેનેજરશ્રીને બેંકના કામકાજના સમય દરમ્યાન લેખિત આપી જવા વિનંતી છે.
- સામાન્ય સભામાં હાજર રહેવા તથા ચૂંટણી સમયે મતદાન કરવા માટે બેંક તરફથી ઈશ્યુ કરેલ ફોટાવાળું 'સભાસદ ઓળખપત્ર' સાથે લઈ આવવું ફરજિયાત છે. જે સભાસદના ઓળખપત્ર ખોવાઈ ગયેલ હોય તેઓએ બેંકના કામકાજના સમયમાં રૂબરૂ આવી ફોર્મ સાથે ૨ ફોટા, KYC વગેરે આપી તેની જરૂરી ફી ભરીને ડુપ્લીકેટ ઓળખપત્ર કઢાવી લેવા વિનંતી છે.

## ધી ખંભાત નાગરિક સહકારી બેંક લી.

### જનસેવાની પ્રવૃત્તિઓને પ્રોત્સાહિત રૂપે બેંકે ફંડોમાંથી ચાલુ વર્ષે કરેલ સહાયની યાદી

| અ.નં. | સંસ્થાનું નામ | આર્થીક સહાયની રકમ રૂા. |
|---|---|---|
| ૧. | લાયન્સ કલબ (સોસાયટી) બેંક કલીનીક માટે | ૩૦૦૧-૦૦ |
| ૨. | અન્નપૂર્ણા ટ્રસ્ટ - ખંભાત | ૩૦૦૧-૦૦ |
| ૩. | શ્રીમતી બી.સી.જે. ખંભાત ભગીની સમાજ | ૩૦૦૧-૦૦ |
| ૪. | શ્રી જબરેશ્વર હરિકૃષ્ણ મહારાજ ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત<br>શ્રી જબરેશ્વર હરીકૃષ્ણ મહારાજ આઈ હોસ્પીટલ | ૫૦૦૧-૦૦ |
| ૫. | જનહિત ચેરીટેબલ ટ્રસ્ટ - ખંભાત | ૩૦૦૧-૦૦ |
| ૬. | સીનીયર સીટીઝન વેલ્ફેર સોસાયટી - સંચાલીત<br>શ્રી સિધ્ધનાથ મહાદેવ વડિલ વિશ્રામ આનંદધામ (વૃધ્ધાશ્રમ) | ૩૦૦૧-૦૦ |
| | કુલ | ૨૦૦૦૬-૦૦ |

**ગુજરી ગયેલ સભાસદોના વારસદારોને આર્થિક સહાયરૂપે રૂા. ૨,૧૫,૦૦૦/- ચૂકવેલ છે.**

**બેંકની લેવડ-દેવડના કામકાજનો સમય (જાહેર રજા સિવાય)**

૧.સોમવારથી શનીવાર સવારના ૧૦-૦૦ કલાક થી બપોરના ૧-૦૦ કલાક સુધી બપોરના ૨-૦૦ થી સાંજના ૪-૦૦ કલાક સુધી

## સેઈફ ડિપોઝીટ લોકર્સ કામકાજનો સમય (જાહેર રજા સિવાય)

૧. સોમવારથી શનિવાર : સવારના ૧૦-૦૦ થી બપોરના ૧-૦૦ કલાક સુધી બપોરના ૨-૦૦ થી સાંજના ૫-૦૦ કલાક સુધી

લોકર્સધારકોને સૂચના :— બેંકના સર્વે લોકર્સ - ધારકોને જણાવવાનું કે RBI ની સૂચના મુજબ જે લોકર્સ ધારકોની લોકરની ચાવી ઉપર એમ્બોર્સીંગ કરાવવાનું બાકી હોય તેમજ KYC આપવાના બાકી હોય તેવા ગ્રાહકોએ તાત્કાલિક બેંકમાં આવી પૂર્તતા કરી લેવી. જે લોકર્સ ધારકનું બેંકમાં બચત ખાતુ ન હોય તેમણે બેંકમાં રૂબરૂ આવીને બચત ખાતા ખોલાવી જવા.

જે લોકર્સ ધારકો એ લોકર્સ લાંબા સમયથી ઓપરેટ કરેલ નથી તેવા લોકર્સ હાલમાં ઇન-ઓપરેટ થઈ ગયેલ છે તેઓએ બેંકમાં આવી રૂબરૂ મળી જવું.

ધિરાણ સુવિધા :— બેંકના સભાસદોને ગૃહ વપરાશી સાધનો, મશીનરી, વાહન વિગેરે ખરીદવા તેમજ રાષ્ટ્રીય બચતપત્રો (એન.એસ.સી., કે.વી.પી.) તથા સોનાના દાગીના પર ત્વરિત લોન આપવામાં આવે છે. કારલોન ફક્ત ૮.૫૦% વાર્ષિક વ્યાજ દરે શરતોને આધીન.

વિશિષ્ટ સેવા :— ધી ખંભાત જનરલ હોસ્પિટલમાં "ધી ખંભાત નાગરિક સહકારી બેંક લિ., મફત નેત્ર ઓપરેશન વિભાગ" માં આંખના કોઈપણ પ્રકારના દર્દની સારવાર મેળવવા હોસ્પિટલના જનરલ વોર્ડમાં દાખલ થાય તેવા દર્દીઓને ઓપરેશન સારવાર સહિત તમામ દવાઓ મફત આપવામાં આવે છે જેનો જરૂરિયાતવાળાઓએ લાભ લેવા વિનંતી. જે સભાસદોએ આપણી બેંકમાં બચત ખાતુ ખોલાવેલ નથી તેમણે બચત ખાતુ સત્વરે ખોલાવી તેમનો ખાતા નં. બેંકના શેર વિભાગમાં નોંધ કરાવવી જેથી ડિવીડન્ડ ખાતામાં જમા થશે. આપણી બેંકમાં BSBD એકાઉન્ટ "૦" બેલેન્સથી ખોલવામાં આવે છે.

ખાતેદારોને ખાસ સૂચના :— રીઝર્વ બેંક ઓફ ઈન્ડિયાના આદેશ મુજબ બેંકના સૌ ખાતેદારો, સભાસદો અને લોકર્સ ધારકોએ KYC (આપના ગ્રાહકોને ઓળખો) નોમ્સર્નું પાલન કરવું ફરજિયાત હોય KYC ને લગતા જરૂરી પુરાવા / દસ્તાવેજો ત્વરિત રજૂ કરવા જેથી સ્થગિત થયેલ ખાતા ફરી ચાલુ કરી શકાય. RBI ની સૂચના મુજબ ૧૦ વર્ષ કે તેથી વધારે સમયથી જે ખાતાઓમાં લેવડ-દેવડ થયેલ નથી તેવા ખાતાઓ RBI ના DEAF-2014 સ્કીમ મુજબ રીઝર્વ બેંક ઓફ ઈન્ડિયામાં ટ્રાન્સફર કરવામાં આવે છે જે ખાતાઓની વિગત બેંકની વેબ-સાઈટ www.knsbl.in માં મુકેલ છે. જેથી દરેક ખાતામાં સમયસર લેવડ-દેવડ ચાલુ રાખવી.

- આપણી બેંકમાં ગ્રાહકો / ખાતેદારો તેમજ જરૂરીઆતવાળા વ્યક્તીઓ માટે ઈ. સ્ટેમ્પીંગની સુવીધાના પ્રારંભ કરેલ છે.
- બેકમાં ખાતેદારો તથા થાપણદારોએ પોતાના પાનકાર્ડ. રહેઠાણનો પુરાવો વિગેરે KYC પુરાવા જમા કરાવી જવા તેમજ ખાતામાં લેવડ-દેવડ ચાલુ રાખવી નહીતર ખાતા ઈન-ઓપરેટ થઇ જશે.
- બેંકમાં બાંધી મુદત થાપણ પર વાર્ષિક રૂા.૪૦,૦૦૦/- તથા સીનીયર સીટીઝન થાપણદારો પર વાર્ષિક રૂા. ૫૦,૦૦૦/- કે તેથી વધારે વ્યાજની રકમ પર TDS લાગુ પડે છે.
- ખાતેદારોએ વિમા પોલીસી, મ્યુચ્યુઅલ ફંડ, કંપનીના ડિવીડન્ડ સરકારી સબસીડી વિગેરે તેમજ બહારગામથી પોતાના ખાતામાં રકમ જમા કરાવવા માટે બેંકનો પંદર આંકડાનો ખાતા નંબર તેમજ IFSC CODE GSCBOUKNSBL આપવો જરૂરી છે.

# ધી ખંભાત નાગરિક સહકારી બેંક લી., ખંભાત

## ● પચાસમી વાર્ષિક સાધારણ સભાની નોટીસ ●

**૫૦** **૫૦**

## ★ નોટીસ ★

**આથી બેંકના સભાસદોને જણાવવામાં આવે છે કે, પચાસમી વાર્ષિક સાધારણ સભા તા. ૨૬-૦૯-૨૦૨૧ ને રવિવારના રોજ સવારના ૦૯-૩૦ કલાકે "રાવ સાંસ્કૃતિક હોલ", ચકડોળ ગ્રાઉન્ડ સામે, મેતપુર રોડ, ખંભાતમાં નીચે જણાવેલ કામકાજ માટે રાખવામાં આવી છે તો સમયસર હાજરી આપવા વિનંતી છે.**

- તા. ૨૫-૧૦-૨૦૨૦ ની વાર્ષિક સાધારણ સભાની કાર્યવાહી વાંચનમાં લઈ બહાલી આપવા.
- વ્યવસ્થાપક-મંડળે મંજૂર કરેલ તા. ૩૧-૦૩-૨૦૨૧ સુધીના કામકાજનો અહેવાલ, સરવૈયુ તથા નફા-તોટાનો હિસાબ મંજૂર કરવા.
- બેંકના સ્ટેચ્યુટરી ઓડીટરશ્રી પટેલ એન્ડ મહેતા ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ, FRN-125480W નીરવકુમાર મહેતા-પાર્ટનર મેમ્બર નં. ૧૧૬૮૭૫, પેનલ નં. ૩૧૭ આણંદ તરફથી આવેલ ઓડીટ રીપોર્ટ વાંચી યોગ્ય કરવા.
- પરિશિષ્ટ 'અ' મુજબ પેટા કાયદાના સુધારા-વધારા મંજૂર કરવા, ગતવર્ષ પેટા-નિયમમાં કરેલ સુધારા-વધારા મે. જીલ્લા રજીસ્ટ્રારશ્રી-આણંદ તરફથી મંજુર થઇ આવેલ છે જેની નોંધ લેવા.
- આવતા વર્ષના બેંકના હિસાબો તપાસવા ઓડીટર્સની નીમણૂંક કરી તેમનું મહેનતાણું નક્કી કરવા.
- પેટા-નિયમ-૬ પ્રમાણે આવતા વર્ષમાં વધારેમાં વધારે જે હદ સુધી સંચાલક મંડળ ભંડોળ એકઠું કરી શકે તે હદ મંજૂર કરવા.
- ચેરમેનશ્રીની પરવાનગીથી જે કાંઈ કામ રજૂ થાય તે પર વિચારણા કરવા.

"સ્તંભતીર્થ" વાડાપોળ.
ખંભાત.
તા. ૦૭-૦૯-૨૦૨૧

સંચાલક મંડળના આદેશથી,
શ્રી હિતેન્દ્ર એ. ભટ્ટ
મેનેજર

નોંધ :
(૧) સભામાં હાજર રહેવા બેંક તરફથી ઈસ્યુ કરવામાં આવેલ "ફોટાવાળું સભાસદ ઓળખકાર્ડ" સાથે લઈને આવવા વિનંતી છે.
(૨) સભામાં બિન-સભાસદ વ્યક્તિઓને પ્રવેશ આપવામાં આવશે નહીં.
(3) હાલમાં ચાલતી Covid-19 ની મહામારીની પરિસ્થિતીને ધ્યાને લઈ સરકારશ્રીના આદેશ મુજબના નિયમોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.
(૪) સભામાં ફરજીયાત માસ્ક પહેરીને આવવું, માસ્ક વગર પ્રવેશ આપવામાં આવશે નહિં.
(૫) કોરોનાની મહામારીની પરિસ્થિતીને લીધે સભામાં બાળકોને સાથે ન લાવવા વિનંતી છે.
(૬) વાર્ષિક સાધારણ સભામાં સોશ્યલ ડિસ્ટન્સનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

## સભાસદોને ત્વરિત લોન / ધિરાણ સુવિધા

**કાર લોન વાર્ષિક ૮.૫૦% ના દરે** (શરતો લાગુ)

વાર્ષિક ૯% ના વ્યાજદરે રાષ્ટ્રીય બચતપત્રો [N.S.C., K.V.P.] સામે લોન/ધિરાણ અને સોનાના દાગીના પર ૮% ના દરે ત્વરિત લોન આપવામાં આવે છે.

# સુવર્ણ જયંતિ વર્ષનો પ્રારંભ તા. ૨૯-૯-૨૦૨૦ વર્ષ દરમ્યાન વિવિધ કાર્યક્રમો યોજાયા તેની તસ્વીરો



બેંકને "૫૦" મું વર્ષ શરૂ થતાં બેંકમાં
શ્રી સત્યનારાયણ ભગવાનની કથાનું આયોજન



શ્રી સત્યનારાયણ ભગવાનની પૂજા કરતા
ચેરમેનશ્રી ખુશમનભાઇ પટેલ



બેંકની ૪૯મી વાર્ષિક સાધારણ સભા
વ્યવસ્થાપક કમીટીના સભ્યો અને મેનેજર



૪૯મી વાર્ષિક સાધારણ સભામાં હાજર સભાસદો





"૫૦"માં વર્ષ નિમીત્તે દશેરાના શુભ દિવસે
બેંકમાં રક્તદાન શિબીરનું આયોજન



બ્લડ બેંક - પેટલાદ ધ્વારા બેંકનું સન્માન
શ્રી નીતીનભાઇ, શ્રી અનીલભાઇ અને શ્રી હિતેન્દ્ર ભટ્ટ



"૫૦" માં વર્ષ દશેરાના શુભદિને
ખંભાતમાં જન્મેલ નવજાત શિશુ બાળકને બેબી કીટ અર્પણ કરતા
ડિરેક્ટર શ્રીમતી સોનલબેન અને શ્રીમતી મીનાક્ષીબેન



"સુવર્ણ જયંતિ વર્ષ" નિમીત્તે વિદ્યાર્થીઓને કોમ્પ્યુટર ફી માં રાહતની
સહાય પેટે પ્રીન્સીપાલ શ્રી, એસ.ડી. કાપડીઆ હાઇસ્કુલને ચેક અર્પણ કરતાં
શ્રી પ્રકાશભાઇ, શ્રી નીતીનભાઇ, શ્રીમતી સોનલબેન અને શ્રીમતી મીનાક્ષીબેન

# સુવર્ણ જયંતિ વર્ષનો મુખ્ય સમારંભ તા. ૨૮-૮-૨૦૨૧ ના રોજ યોજાયેલ કાર્યક્રમની તસ્વીરો



બેંકના "સુવર્ણ જયંતિ સમારોહ"માં સ્ટેજ પર બિરાજમાન
મહાનુભાવો અને વ્યવસ્થાપક કમીટીના સભ્યો



ધારાસભ્ય શ્રી મયુરભાઇ રાવલનું સન્માન કરતા
ચેરમેન શ્રી ખુશમનભાઇ અને વાઇસ ચેરમેનશ્રી નીતીનભાઇ



સમારોહનો આનંદ માણતા ભૂતપૂર્વ કર્મચારીઓ,
સભાસદો, ખાતેદારો, નગરજનો વિગેરે



સમારોહના ઉદ્‌ઘોષક, ભૂતપૂર્વ કર્મચારી અને પત્રકારો વિગેરે



બેંકના પ્રથમ ભૂતપૂર્વ મેનેજર શ્રી મહેન્દ્રભાઇ શાહનું
સન્માન કરતાં ચેરમેનશ્રી ખુશમનભાઇ પટેલ



બેંકના ભૂતપૂર્વ એકાઉન્ટન્ટ શ્રી હરિશભાઇ શાહનું
સન્માન કરતા વાઇસ ચેરમેનશ્રી નીતીનભાઇ



બેંકના મેનેજરશ્રી હિતેન્દ્ર ભટ્ટનું સન્માન કરતા
ચેરમેનશ્રી ખુશમનભાઇ, શ્રી નીતીનભાઇ અને શ્રી દિનેશભાઇ વકીલ



બેંકના C.E.O શ્રી ભરતભાઇ રાવલનું સન્માન કરતા
ચેરમેનશ્રી ખુશમનભાઇ, શ્રી નીતીનભાઇ અને શ્રી દિનેશભાઇ વકીલ